**ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી**
**શાહીબાગ, અમદાવાદ–380 003**
**સ્વાધ્યાય કાર્ય – 1**
**પાઠયક્રમ કોડ : AED-01**

| ઓગષ્ટ–2005 |
|---|

**સ્વાધ્યાય કોડ : AED-01/AST-1/TMA/2005**
**અભ્યાસ કેન્દ્રને સોંપવાની છેલ્લી તા. 09/04/2006**
**કુલ ગુણ : 100**

**નોંધ : આ સ્વાધ્યાયના બે વિભાગો છે. વિભાગ–A અને વિભાગ–B તમારે બન્ને વિભાગોના ઉત્તર લખવાના છે. વિભાગ–Aના પ્રશ્નો વર્ણનાત્મક પ્રકારના છે. જયારે વિભાગ–B હેતુલક્ષી પ્રશ્નોનો બનેલો છે.**

## PART- A

**1.** નિકાસ કરારની સામાન્ય શરતો વર્ણવો. એફઓબી અને સીઆઈએફ (FOB &C.I.F) કરારનો કાયદાકીય ગર્ભિતાર્થ સમજાવો **[10+10]**

**અથવા**

પ્રમુખ વ્યાપારી દસ્તાવેજો કયા કયા? બીલ ઓફ લેડીંગ અને વ્યાપારી ભરતિયાનું મહત્ત્વ સમજાવો.

**2.** દસ્તાવેજી ધિરાણનો અર્થ તમે શું કરશો ? દસ્તાવેજી ધિરાણનું વ્યાવહારિક તંત્ર સમજાવો. **[20]**

**અથવા**

વિનિમય દર એટલે શું? હાજર અને વાયદાદર વચ્ચેનો તફાવત સમજાવો. વિદેશી હુડિયામણના જોખમો સામે કામ કરવાની રીતો સમજાવો.

**3.** ટૂંક નોંધ લખો **[10x2]**
(i) આંતરરાષ્ટ્રીય કરારની શરતો
(ii) પેકિંગ ધિરાણ.

**4.** નીચેનામાંથી ગમે તે પાંચ સમજાવો. **[4x5]**
(i) મૂડીમાલ નિકાસવૃધ્ધિ માટેની યોજના (EPCG) અંગે તમારી સમજણ વર્ણવો.
(ii) કરારોની હતાશા શું છે?**(iii)** કલોઝડ બીલ ઓફ લેડીંગનો તમે શો અર્થ કરશો?
**(iv)** સ્વીકાર સામે દસ્તાવેજો એટલે શું? **(V)** વિનિમય નિયંત્રણના હેતુઓ શું છે?
**(Vi)** વાયદાદર એટલે શું.

## PART- B

**બધા પ્રશ્નોના જવાબ આપો. પ્રશ્ન ક્રમાંક લખી તે પ્રશ્નના જવાબના વિકલ્પો આપેલા છે તેમાંથી ખરો જવાબ લાગે તે લખો.**

**1.** જંગલી જીવની નિકાસનો સમાવેશ ........ માં થાય છે.
1. પ્રતિબંધિત જણસો 2. નિષેધાત્મક જણસો
3. કેનલાઈઝડ્ જણસો 4. ઉપરનામાંથી એકપણ નહિ.

**2.** આયાત–નિકાસ કાર કોડ નંબર .......... આપે છે.
1. આર બી આઈ (RBI) 2. નિકાસ પ્રમોશન કાઉન્સીલ.
3. પરવાના આપતી સત્તા 4. કસ્ટમ્સ સત્તા.

**3.** નિકાસગૃહ તરીકેની માન્યતા પ્રાપ્ત કરવા માટેની ક્ષમતાનો આધાર અગાઉના ત્રણ લાઈસન્સીંગ વર્ષની નિકાસ ........ હોવી જોઈએ તે છે.
1. 10 કરોડ 2. 20 કરોડ 3. 50 કરોડ 4. 100 કરોડ

**4.** નીચે આપેલ આંતરરાષ્ટ્રીય કોન્ટ્રેકટ શરતોમાંથી કઈ એક વેચનાર ઉપર વધુમાં વધુ જવાબદારી લાદે છે?
1. એકસ વર્કસ (EX- W) 2. કેરેજ પેઈડ ટુ (CPT)
3. સરહદે પહોચાડેલ (DAF) 4. જકાતભરી પહોંચાડેલ (DDP)

5. નીચેનામાંથી કયો એક દસ્તાવેજ શિપીગ કંપની અને શિપર વચ્ચેના શુલ્ક કરાર અંગે ખાતરી પૂરી પાડે છે?
   1. વેપારી ભરતિયું 2. બીલ ઓફ લેડિગ 3.વીમા પોલિસી 4.પોસ્ટ પારસલ રસીદ
6. નીચે આપેલ શાખપત્રોમાંથી કયા એકમાં પુન:શાખવૃધ્ધિની જરૂર વગર રકમની પુન: સમીક્ષા કે પુન:સ્થાપના થઈ શકે?
   1. સ્વીકાર શાખ 2.સ્ટેન્ડ બાય શાખ 3.પરિવહન શાખ 4.આવર્તક શાખ નીચે
7. નિકાસ કરેલ માલનું પૂરેપૂરું મૂલ્ય કયા સમય સુધીમાં મેળવી લેવું પડે?
   1. પાકતી તારીખે કે માલ ચઢાવ્યાના દિવસથી છ માસના ગાળામાં
   2. પાકતી તારીખે કે માલ ચઢાવ્યાના દિવસથી આઠ માસના ગાળામાં
   3. પાકતી તારીખે કે માલ ચઢાવ્યાના દિવસથી નવ માસના ગાળામાં
   4. પાકતી તારીખે કે માલ ચઢાવ્યાના દિવસથી દસ માસના ગાળામાં
8. જે દરે બેંક ચલણ ખરીદ તૈયાર તે દર .................. છે.
   1. બોલી દર (Bid Rate) 2. પ્રસ્તાવ દર (Offer Rate) 3. હાજર દર 4. વિનિમય દર
9. નીચેનામાંથી કઈ પોલિસી કરારની તારીખથી ઊભા થતાં વેપારી અને રાજકીય જોખમોને આવરી લે છે?
   1. શિપમેન્ટસ (સર્વગ્રાહી જોખમ) પોલિસી. 2. શિપમેન્ટસ (રાજકીય જોખમ) પોલિસી.
   3. કોન્ટ્રેકટસ (સર્વગ્રાહી જોખમઘ) પોલિસી. 4. કોન્ટ્રેકટસ (રાજકીય જોખમ) પોલિસી.
10. 'ક' અને 'ખ' વિધાનોને આધારે નીચેનામાંથી જવાબ આપો.
   'ક' : માલ પૂરો પાડનારને શાખ એટલે વિદેશી ખરીદનારને કોઈ ખાસ કરાર માટે કોઈ નાણાકીય સંસ્થા કે નાણાકીય સંસ્થાઓનું કોન્સોરટીયમ ધિરાણ આપે તે .............
   'ખ': ખરીદનારને અપાતી શાખ એટલે કે નિકાસકારો સીધાજ વિદેશી ખરીદનારને ધિરાણ પૂરું પાડે અને તે માટે વ્યાપારી બેંક/ એકસીમ બેંક પાસેથી પુન:ધિરાણ મેળવે છે તે.......
   1. માત્ર 'ક' સાચું 2. માત્ર 'ખ' સાચું
   3 'ક' અને 'ખ' બંને સાચાં 4 'ક' અને'ખ' બંને ખોટાં છે.

x-x-x--x

**સ્વાધ્યાય કાર્ય – 2**

**પાઠયક્રમ કોડ : AED-01**

**ઓગષ્ટ–2005**

**સ્વાધ્યાય કોડ:AED-01/AST-2/TMA/2005**
**અભ્યાસ કેન્દ્રને સોંપવાની છેલ્લી તા. 07/05/2006**
**કુલ ગુણ : 100**

**નોંધ : આ સ્વાધ્યાયના બે વિભાગો છે. વિભાગ–A અને વિભાગ–B તમારે બન્ને વિભાગોના ઉત્તર લખવાના છે. વિભાગ–Aના પ્રશ્નો વર્ણનાત્મક પ્રકારના છે. જયારે વિભાગ–B હેતુલક્ષી પ્રશ્નોનો બનેલો છે.**

## PART- A

1. ગુણવત્તા નિયંત્રણ અને માલ ચઢાવ્યા પહેલાની તપાસણીની વિવિધ રીતો વર્ણવો. **[8+12]**

**અથવા**

નિકાસ વર્ગો માટેની જકાત ભરપાઈ કરવાની વિધિ સમજાવો. **[20]**

2. ભારતમાં નિકાસવૃધ્ધિ માટે અપાતી ટેકનીકલ અને નિષ્ણાત સેવાઓની સહાય અંગે ટૂંકમાં સમજાવો. **[20]**

નિયમ12 (i)Aઅને12 (i) B નીચે અપાતી કેન્દ્રીય એકસાઈઝનું (નું રિફંડ)–પરત–મેળવાની પ્રક્રિયા સમજાવો. **[20]**

3. નોંધ લખો. **[10x2]**
   (i) જકાત મુકત પરવાનો
   (ii) વિકાસ વૃધ્ધિ માટે રાજકોષીય પ્રોત્સાહનો

**4.** નીચેના ગમે તે **પાંચ** સમજાવો.. **[4x5]**

(i) બેર બોટ ચાર્ટર એટલે શું ? (ii) ISO 9000 નો તમે શો અર્થ કરશો ?

(iii) રચનાત્મક કુલ ખોટ એટલે શું? (iv) દરિયાઈ જોખમો શું છે?

(v) ડયૂટી ડ્રો બેંક શું છે? (vi) જકાતપાત્રતા પાસબુકની યોજનાનો તમારો અર્થ સમજાવો.

## PART-B

**દરેક પ્રશ્નના ઉત્તરો આપો. જે તે પ્રશ્નનો ક્રમાંક લખી તે પ્રશ્નના જવાબના વિકલ્પો આપેલા છે તેમાંથી સાચો ઉત્તર લખો.** **[2 x 10=20]**

**1.** ટ્રેમ્પ જહાજી સેવા યોજના.........

1. એકરૂપ કાર્ગો લઈ જવા માટે છે. 2. તે પ્રમાણમાં સરળ સાધન છે.
3. તેનો ચોક્કસ માર્ગ નથી હોતો. 4. ઉપરોકત બધુ જ છે.

**2.** ભારતથી ઈંગ્લેન્ડ કાર્ગો લઈ જવા માટે બે માસ માટે એક જહાજને ભાડે રાખ્યું છે. તે શેનું દૃષ્ટાંત ગણાય?

1. વૉયેજ ચાર્ટર 2. ટાઈમ ચાર્ટર 3. બેરબોટ ચાર્ટર 4. ઉપરનામાંથી એકે નહીં.

**3.** ISO 9000 ગુણવત્તા પધ્ધતિ માટે નીચેનામાંથી કયું સાચું નથી?

1. તે પેદાશની વધુ સારી ડીઝાઈન પૂરી પાડે છે. 2. ગ્રાહકોની ફરિયાદો વધારે છે.
3. ગુણવત્તા માટેની જાગરૂકતા વધારે છે. 4. પેઢીની પ્રતિષ્ઠા સુધારે છે.

**4.** કાર્ગોને અવ્યવસ્થિત રીતે હેન્ડલ કરવો તેને શેનો દાખલો કહી શકાય?

1. દરિયાઈ જોખમો 2. બાહ્ય જોખમો 3. યુધ્ધ જોખમો 4. હડતાલ જોખમો

**5.** એક જહાજ મુંબઈથી દુબઈ જતું હતું. રસ્તામાં તોફાની હવામાનને કારણે વિલંબ થતાં જહાજમાં ઈંધણ ખૂટી પડયું અને જહાજના બોઈલરોમાં વરાળ પ્રમાણ જાળવવા માટે તેમાંનો માલ બળતણ તરીકે વપરાયો હતો આ શેનો દાખલો ગણાય.

1. સામાન્ય સરેરાશ 2. ખાસ સરેરાશ 3. ઉપરના બંને 4. ઉપરનામાંથી એકે નહિ.

**6.** નીચેનામાંથી કઈ એક પોલિસી એ દબાણથી પાલન કરાવી શકાય તેવો કરાર છે?

1.ઓપન કરાર 2.ઓપન પોલિસી3.સ્પેસિફીક વૉયેજ પોલિસી4.ઉપરનામાંથી એકે નહીં

**7.** ભારતની આયાત નિકાસ નીતિ ઘડવા માટે તેમજ તેને અમલી બનાવવા માટે વાણિજય મંત્રાલયની કઈ એક કચેરી સ્થપાઈ છે.

1. બોર્ડ ઓફ ટ્રેડ 2. નિકાસો અંગેની કેબિનેટ કમિટી
3. સેક્રેટરીઝની સત્તા બક્ષેલ કમિટીઝ 4.ડાયરેકટર જનરલ વિદેશી વ્યાપાર

**8.** પેદાશોની ખરીદી કરવાની આવશ્યકતા વેચાણની એક શરત તરીકે જે વેપારી કરારમાં હોય છે તેને કહેવાય છે.

1. કાઉન્ટર ટ્રેડ 2. લાઈન્સ ઓફ ક્રેડીટ 3. કાઉન્ટર ઓફર 4. ઉપરનામાંથી એકે નહીં

**9.** વિશિષ્ટ ઈમ્પ્રેસ્ટ પરવાનો નિર્દેશે છે.

1. મૂળભુત જકાત ડયૂટી ભર્યા વિના વેપારી–નિકાસકાર કે મેન્યુફેકચરર નિકાસકારને પેદાશો મેન્યુફેકચર કરવા માટે જરૂરી નિક્ષેપોની આયાત કરવા માટે પરવાનો આપેલ હોય તે.
2. એડવાન્સ લાઈસન્સ/ વિશિષ્ટ ઈમ્પ્રેસ્ટ લાઈસન્સ ધરાવનાર છેવટના નિકાસકારને આપવા માટેની પેદાશો માટેના મેન્યુફેકચરીંગ માટે જરૂરી નિક્ષેપોને આયાત કરવા માટે મેન્યુફેકચરર નિકાસકારને અપાયેલ પરવાનો.
3. નીતિમાં સમાવિષ્ટ કેટેગરીઝને તૈયાર કરી માલ પહોંચાડવા માટે મેન્યુફેકચરર નિકાસકારને અપાયેલ પરવાનો.
4. યોજના કે જેમાં નિકાસ ડયૂટી અને કેન્દ્રીય જકાત જે કાચામાલ, કોમ્પોનન્ટસ્ અને પેકીંગ મટીરીયલ્સ પર લેવાય છે તેને નિકાસકારને પરત કરવામાં આવે છે.

**10.** નીચે જણાવેલી બેન્કોમાંથી કઈ બેંક ખરીદનારને શાખ, લાઈન્સ ઓફ ક્રેકીટ અથવા વેન્ચર કેપીટલ દ્વારા સહાય પૂરી પાડે છે?

1.રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા 2. એકસીમ બેંક
3. વ્યાપારી બેંક 4. ઉપરનામાંથી એક નહિ.